# તમે શું પસંદ કરશો?

## વાર્તા: સમગ્ર વિકાસ અભ્યાસક્રમ, ભાષાપોથી-૪

શ્યામ અને વિવેક બન્ને પાક્કા ભાઈબંધ હતા. બંને એકબીજાને ખૂબ ચાહતા, બન્ને સાથે નોકરી કરતા હતા. સુખના અને દુ:ખના સાથી. પણ બેયના સ્વભાવમાં જમીન-આસમાનનું અંતર. વિવેક તો વિવેક હતો. ખૂબ સંતોષી. પરંતુ શ્યામનો સ્વભાવ જુદો. એની વાત અનોખી. બેયના વિચારોમાં પણ ભિન્નતા હતી. બંનેની ટેવો પણ જુદી.

વિવેક સ્નાન કરવા માટે એક જ બાલદી પાણીનો ઉપયોગ કરતો. શ્યામ બાથરૂમમાં ફુવારા નીચે બેસી જાય અને નિરાંતે સ્નાન કરે. નળ નીચેની બાલદી છલકાઈ જાય તોય નળ બંધ કરે નહિ ! જરૂર ન હોય તોય હીટરના ગરમ પાણીનો ઉપયોગ કરે અને વધારામાં ઠંડું પાણી તો વાપરે જ. એને પાણીની કોઈ કિંમત ન હતી. વિવેકને મન પાણી એટલે જીવન હતું.

વિવેક અને શ્યામના ઘરની સજાવટ પણ જુદી જુદી વિવેકના ઘરનું આંગણું તુલસીના છોડ, ગુલાબ, મોગરા, જૂઈનાં ફૂલ, લીમડો, પીપળો અને આંબાનાં વૃક્ષોથી દીપી ઊઠેતું. અદ્ભુત શાંતિ અને શીતળતાનો અનુભવ થતો. જ્યારે શ્યામે તો કૂંડા ખરીદીને તેમાં વિદેશી કેક્ટ્સ લગાવ્યાં હતાં. પોતાના ઘરના ઓરડામાં દરરોજ એ સુગંધી પરફ્યુમ-અત્તર છાંટતો.

વિવેકના ઘરમાં જુઓ તો વિજળીના દીવા જરૂર પૂરતા બળતા હોય, જ્યારે શ્યામનું ઘર તો બિનજરૂરી પ્રકાશથી ઝળહળતું હોય. વિવેકે દૂધ માટે ગાય ખરીદી હતી અને ગાયને માતા ગણીને તેનું જતન કરતો. શ્યામ દૂધના વિદેશી પાઉડરના ડબા ખરીદી લાવતો અને તેનો ઉપયોગ કરતો. વિવેક કુદરતી રીતે જીવવાનો પ્રયત્ન કરતો, જ્યારે શ્યામના જીવનમાં કૃત્રિમતા જ જોવા મળતી.

થોડા સમયમાં વિવેકના ઘરના આંગણામાં સુંદર મજાનાં વૃક્ષોનું ઝુડ ઊભું થઈ ગયું. એની સુંદરતા પણ વધતી ગઈ. ફૂલોની સુગંધ રાતદિવસ ઘરને મહેંકાવી દેતી. ઉનાળામાં ઝાડનો છાંયડો કુદરતી ઠંડક આપતો. એની ગાયની વાછરડી મોટી થઈને હવે તો દૂધ આપતી થઈ ગઈ હતી. એના ઘરમાં બબ્બે દૂઝણી ગાયો. દૂધ, દહીં અને છાશની રેલમછેલ અને ઘી મળે એ તો નફામાં. વિવેક સંતોષ, સુખ અને આનંદથી ભરેલું જીવન જીવતો હતો.

પણ શ્યામના ઘરનું તો ચિત્ર જ જૂદું હતું. એના ઘરના આંગણામાં તૂટેલાં કૂડાં હતાં. જ્યાં ત્યાં વિદેશી દૂધપાઉડરના ખાલી ડબા રખડતા હતા. ઓરડામાંથી જૂના પરફ્યૂમની વાસ આવતી હતી. તેના જીવનમાં ઉત્સાહ કે સંતોષ દેખાતો ન હતો. તેનો ચહેરો પણ કરમાઈ

ગયો હતો. એણે ખૂબ વિચાર કર્યો. આમ કેમ થઈ ગયું? વિવેકના ઘરે એ જતો અને જોતો તો સાવ જૂદું જ ચિત્ર દેખાતું હતું. એ બુદ્ધિશાળી તો હતો જ. તેણે ખરું કારણ શોધી કાઢ્યું અને એણે પોતે પોતાના જીવનને બદલી નાખ્યું!



હવે શ્યામના ઘરમાં ફ્રિજનાં પાણીનો વપરાશ બહુ ઓછો થઈ ગયો. ઘરના લોકો માટલાનું પાણી જ પીતા. તે પોતે કહેતો, "ફ્રિજનાં પાણીથી તબિયત શા માટે બગાડવી?" તેના ઘરમાં હવે વીજળીના પ્રકાશનો ખોટો ઝળહળાટ પણ બંધ થઈ ગયો. લાઈટ અને પંખાનો પણ જરૂર પૂરતો જ ઉપયોગ થતો. પ્લાસ્ટીકની કોથળીઓ તો હવે નજર નાખો તો પણ જોવા નહોતી મળતી. તે પોતે કહેતો, 'પ્લાસ્ટીકનો ઉપયોગ સમગ્ર સૃષ્ટિ માટે ભયજનક છે. તેનો કચરો જમીનમાં દાટીએ તો જમીનની ફળદ્રુપતા ઘટી જાય છે. તેને બાળીએ તો ઝેરી વાયુ સાથે હવામાં પ્રદૂષણ ફેલાય છે. જો ભૂલેચૂકે ગાયો પ્લાસ્ટીકની કોથળીઓ ખાઈ જાય તો મૃત્યુ પામે. આવું નુકસાન કરનારી પ્લાસ્ટીકની કોથળીઓ વપરાય ખરી?"

થોડા દિવસો પછી શ્યામનો જન્મદિવસ આવ્યો. એના ઘરનું વાતાવરણ તો સાવ જુદું હતું. એના ઘરમાં આંબાનાં પાનનાં તોરણ લટકતાં હતાં, દીવા તો ગાયના ઘીથી બળતા હતા. આંગણું બિલકુલ સાફ. એમાં ઠેરઠેર રંગોળી પૂરી હતી. તેનું આંગણું પર્યાવરણના પારણામાં

ઝૂલતું હતું ! વિવેક તેને અભિનંદન આપવા ગયો. સાથે લઈ ગયો હતો ભેટ તરીકે ગુલાબનો છોડ. બીજા મિત્રો પણ આવી સુંદર વસ્તુઓ જ લાવ્યા હતા. શ્યામે શેનાથી સ્વાગત કર્યું ખબર છે? આઈસ્ક્રીમથી નહિ, તીખા તમતમતા તળેલા નાસ્તાથી પણ નહિ, પરંતુ પોતાના ઘરે ઉગાડેલા સફરજન, ચીકુ, જામફળ વગેરે ફળોથી.

શ્યામ અને વિવેક એકબીજાને ભેટ્યા. શ્યામનું હૃદયપરિવર્તન થયું તેથી વિવેક ખૂબ ખુશ હતો. બંને એકીસાથે બોલી ઊઠ્યા.

“પર્યાવરણ બચાવો, દેશ બચાવો.”